**રાજકોટનાં મહે. જયુડી. મેજી. ફર્સ્ટ કલાક (રેલ્વે) ની અદાલતમાં, મું. રાજકોટ**

**ફોજદારી કેસ નંબર : ૪૯ / ૨૦૨૪**

**આંક : ૪**

શ્રી સ ર કા ર **::::: ફરીયાદી**

**વિરૂધ્ધ**

માજીદખાન યાસિનખાન પઠાણ

રહે—સુરેન્દ્રનગર

**:::::આરોપી**

**ગુનો : <u>જી.પી.એકટની કલમ— ૧૨૦,૧૦૨,૧૧૧,૧૧૭,૮૧ મુજબ</u>**

**(૧)..** આ કામના આરોપીએ તા. ૧૮/૧૨/૨૦૨૩ ના રોજ કલાક ૧૧/૩૫ વાગ્યે રાજકોટ રેલ્વે સ્ટેશન પાસે રેલ્વે હદમાં વગર પાસ પરમીટે ગેરકાદેસર પ્રવેશ કરી પેસેન્જરોને અડચણ થાય તે રીતે બુમો પાડી સીંગ ચણાનું વેચાણ કરી પોલીસના હુકમનો અનાદર કરી પકડાઇ જઇ જી.પી.એક્ટની કલમ – ૧૨૦,૧૦૨,૧૧૧,૧૧૭,૮૧ મુજબનો ગુન્હો કરેલ છે.

**(૨)..** પોલીસ તપાસના અંતે તપાસ કરનાર અધીકારીએ પુરાવો જણાતા આરોપી વિરુધ્ધુ સદર ગુનાનું ચાર્જશીટ દાખલ કરેલ. આરોપીને સમન્સની બજવણી થતા હાજર થયેલ,આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આંક –૩ થી આરોપીનુ નિવેદન દેતા ગુનો કબુલ નહિ હોવાનું જણાવેલ. ત્યારબાદ આરોપીએ આંક– ૪ થી ગુનાની કબુલાત પુરસીસ રજુ રાખેલ. આરોપીએ તેની ગુના કબુલાત પુરસીસમાં તેમજ મૌખિક રજુઆતમાં જણાવેલ છે કે, તે ગરીબ કુટુંબ કબીલાવાળા માણસ છે, આ પ્રથમ વખત ગુનો છે, ફરી આવો ગુનો નહિ કરે તેની ખાતરી આપેલ છે, જેથી દંડ ભર્યો

હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) આરોપીની કબુલાત જોતા તે સ્વૈચ્છિક હોવાનું જણાય આવે છે. આરોપીની ઉપરોક્ત રજુઆત અને ગુનાનું સ્વરુપ ધ્યાને લેતા તેમજ આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુના અંગેની સજાની જાગવાઈ ધ્યાને લેતા આરોપીનો પ્રથમ ગુનો હોય તેમજ ફરી આવો ગુનો નહિ કરે તેની ખાતરી આપેલ છે તથા દંડ ભર્યો હુકમ કરવા અરજ કરેલ છે. આરોપીને સબક સ્વરુપે હળવી શિક્ષા કરવાથી ન્યાયનો હેતૂ સરે તેમ હોય ન્યાયના હિતમાં નિચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

૧) આ કામના આરોપીને જી.પી.એક્ટ ની કલમ ૧૨૦,૧૦૨,૧૧૧,૧૧૭,૮૧ મુજબના ગુન્હામા તકસીરવાન ઠરાવી રુ. ૨૦૦/– (અંકે રુ બસો પૂરા) દંડ નો હુકમ કરવામાં આવે છે. અને જો આરોપી દંડની રકમ ના ભરે તો વધુ દિન–૨(બે ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપીના જામીનખત તથા જાત મુચરકા રદ કરવા.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ : ૦૯, માંહે : માર્ચ, સને : ૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળઃ– રાજકોટ
તારીખઃ– 09/૦૩/૨૦૨૪ જ્યુ.મેજી.ફ.ક.(રેલ્વે) રાજકોટ